ગાંધીનગર સમાચાર

હોવીત્ઝર તોપ ટ્રેડ-શોમાં આકર્ષણ બનશે

# રેલવે સ્ટેશનના ટ્રેક પર દેશની પ્રથમ ફાઈવ સ્ટાર હોટલ બનશે

**કેપિટલ સ્ટેશનને પણ વાઈબ્રન્ટ બનાવાશે : સ્ટેશન તેમજ હોટલની કાર્યયોજના અન્વયે ૨૫૦ કરોડ ખર્ચાશે : ૩૦૦ રૂમની હોટલ માટે ૬ થી ૧૦ મજલાના ત્રણ ટાવર બનશે : ૬૧ મીટરની ઉંચાઈ સાથે નગરની સૌથી ઉંચી ઈમારત બનશે : વાઈબ્રન્ટ ૨૦૧૯ પુર્વે હોટલ અને સ્ટેશનનુ કામ પુર્ણ કરી દેવાશે : આગામી તા ૯ જાન્યુઆરીના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ખાતમુહુર્ત કરશે : યાત્રિકો માટે ફૂડ સ્ટોલ, મેડીસીન શોપ્સ, બુક સ્ટોલ, વાઈફાઈ, લીફ્ટ, એસ્કેલેટર્સ સહીતની સુવિધાઓ ઉભી કરાશે**

ગાંધીનગર તા ૬

ગાંધીનગરમાં રેલ્વે સ્ટેશન ટ્રેક પર દેશની સૌ પ્રથમ ફાઈવ સ્ટાર હોટલનુ નિર્માણ કરાશે. સાથોસાથ રેલવે સ્ટેશનને પણ હાઈટેક બનાવાશે. હોટલ નિર્માણ અન્વયે ૬ થી ૧૦ મજલાના ત્રણ ટાવર બનશે. ૩૦૦ રૂમની ફાઈવ સ્ટાર હોટલના બિલ્ડીંગની ઉંચાઈ ૬૫ મીટરની રહેશે. એર સ્પસ ફાઈવ સ્ટાર હોટલનો દેખાવ બિલીપત્ર જેવો



● અનુસંધાન પાન-૭ પર

## સ્ટેશનનુ નવિનીકરણ પરંતુ રેલ સેવા અપગ્રેડ નહીં થાય

નગરના રેલવે સ્ટેશનના ટ્રેક પર દેશની સૌ પ્રથમ ફાઈવ સ્ટાર હોટલનુ નિર્માણ થશે. જયારે આ કાર્યયોજનાની સાથે સ્ટેશનનો પણ વિકાસ કરવામાં આવશે. પરંતુ હાલની સ્થિતિએ માત્ર રોજ પાંચ ટ્રેઈનની સ્ટેશન પર અવરજવર રહે છે. જયારે ગાંધીનગર સ્ટેશનને કેપિટલને છાજે તેવી ટ્રેઈન સુવિધા પુરી પાડવા માટે નગરની શુભચિંતક સંસ્થાઓ અને જાગૃત નાગરિકો રજુઆત કરીને થાકી ગયા છે. આમછતા રેલવે બજેટમાં કેપિટલ સ્ટેશનને ઠંગો દેખાડી દેવાતા આ મામલે નિરાશા વ્યાપે છે. ત્યારે સ્ટેશનને વાઈબ્રન્ટ બનાવાની સાથે અત્યાધુનિક હોટલ બનાવાની યોજનાને પુર્ણરૂપે સાકાર કરવા માટે સ્ટેશનને ટ્રેઈનની અવરજવરથી ધમધમતુ કરવુ પણ અનિવારય હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. સ્ટેશનને વધુ ટ્રેઈન ફાળવવાના મામલે હજુ સુધી કોઈ જાહેરાત થઈ નથી. ત્યારે મજબુત રેલ સેવા માટે પણ આમ નાગરિકો આશા સેવી રહયા છે. જેથી કરોડોના આ તોતિંગ પ્રોજેકટને સાચા અર્થમાં સાર્થક કરી શકાય

# સુખોઈના આકાશી આગાજથી ગાંધીનગરનું આકાશ ગાજ્યું

**પશુ-પંખીઓમાં દોડાદોડ મચી તો નગરજનો શું થયું આકાશમાંના અવાચક પ્રશ્નો સાથે બહાર નીકળ્યા : ૯મીએ ગાંધીનગરમાં ૪૦ મિનિટનો ખાસ એર-શો યોજાશે**



ગાંધીનગર, તા. ૬

આગામી ૯ થી ૧૩ જાન્યુઆરી દરમ્યાન યોજાનાર ૮મા વાયબ્રન્ટ સમીટનો આકાશી આગાજ સુખોઈએ આજે કરતાં સવારે ગાંધીનગરાઓ એક પળ માટે તો ભયભીત બની ગયા હતા તો પશુ-પંખીઓએ પણ એક ડાળથી બીજી ડાળ ઉડાઉડ કરી મુકી હતી.

આજે ભારતના લડાકુ વિમાન સુખોઈએ ૧૦.૪૫ના સુમારે વાયબ્રન્ટનું આકાશી આગાજ કરતુ ઉડ્ડયન કર્યું હતું. પલ બે પલ માટે તો આખા ગાંધીનગરમાં એના અવાજની ગતિથી ગાંધીનગરાઓ ભયભીત બની ઉઠ્યા હતા. ઘ-૧॥ પાસે તો એક સાથે ત્રણ કારચાલકો અકસ્માત પણ કરી બેઠા હતા.

૨૦ મિનિટ સુધી ચાલેલા આ ઉડ્ડયનને કારણે લોકો ઘરની બહાર આવી ગયા હતા અને શું થયું ? એવા પ્રશ્નો સાથે અવાચક બની આકાશી મીટ માંડેલા નજરે પડ્યા હતા.

પશુઓએ પણ દોડા-દોડી કરી મુકી હતી તો પંખીઓ પણ એક ડાળથી બીજી ડાળની ઉડાઉડ કરતા નજરે પડ્યા હતા.

સૂર્યકિરણ દ્વારા એર-શૉ થવાનો છે અને રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી આ એર શૉ જોવા માટે સેન્ટ્રલ વિસ્ટામાં ખાસ ઉપસ્થિત રહેનાર છે.

તા. ૭ અને ૯ના રોજ સૂર્યકિરણ દ્વારા એર-શૉનું આયોજન કરાયું છે. આજે માત્ર એક જ વિમાન ઉડ્યુ હતુ. જો કે ૭ અને ૯ દરમ્યાન ત્રણ-ત્રણ વિમાનો એર-શૉમાં પ્રદર્શન કરનાર છે.

ભારતીય વાયુદળની આગવી ઓળખ આ સૂર્યકિરણ છે. તંત્રએ પણ આ એર શૉ ને લઈ ગાંધીનગરને નો ફ્લાઈંગ ઝોન જાહેર કરતુ જાહેરનામુ ગઈકાલે મોડી રાત્રે જારી કર્યું હતું. ૯મી સુધી પતંગ કે ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ લાદવામાં આવેલ છે.

વાઈબ્રન્ટ ગુજરાત સમિટ-૯ જાન્યુઆરીના રોજ શરૂ થશે એટલે આ ગાંધીનગરનું આકાશ ભારતીય વાયુદળ (આઈએએફ)ના લડાયક વિમાનોની ગર્જના સાથે ગૂંજી ઉઠવા સજ્જ છે.

૯ જાન્યુઆરી, ૨૦૧૭ના ઉદ્દ્ઘાટન દિવસના રોજ સુરક્ષા સંબંધિત વ્યવસ્થાઓના ભાગરૂપે ટ્રાફિક નિયંત્રણની શકયતાઓને ધ્યાનમાં રાખીને આઈએએફએ ૭ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ ઉડ્ડયન પ્રવૃત્તિનું સંપૂર્ણ અને વિસ્તૃત રિહર્સલ કરવાની યોજના બનાવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# હોવીત્ઝર તોપ ટ્રેડ-શોમાં આકર્ષણ બનશે

**બીએસએફ બેન્ડે વંદેમાતરમ્ અને યે મેરે વતન અને અબ તુમ્હારે હવાલે વતન સાથીયોની ધૂન વગાડી સૌના મન મોહી લીધા**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરના ગ્લોબલ ટ્રેડ શૉ માં ભાગ લેવા માટે સરહદે સુરક્ષા સંભાળતી હોવીત્ઝર તોપ સહિત ૪૦થી વધુ યુદ્ધના શસ્ત્રો આજે એકઝીબીશન સેન્ટર ખાતે આવી પહોંચ્યા છે.

આ ટ્રેડ શૉ માં અલગ અલગ મિસાઈલો પણ રજુ કરવામાં આવનાર છે.જે એરફોર્સ દ્વારા પણ આવી પહોંચી છે. આજે બપોરે બીએસએફ અને એરપોર્સના જવાનો દ્વારા આ અંગેની તૈયારીઓ પણ આરંભી દેવામાં આવી છે. હોવીત્ઝર તોપ જે ૨૧ કિ.મી. દૂર સુધી બોમ્બ ગોળા વરસાવી અને દુશ્મનોનો ખાત્મો બોલાવી શકે છે.

હોવીત્ઝર તોપ નજીક લશ્કરના જવાનોની એક અદ્ભુત છાવણી પણ બનાવવામાં આવી રહી છે. અહિં ગાંધીનગર સબ હેડક્વાર્ટર ધરાવતુ બીએસએફનું ૪૦ જવાનોનું બેન્ડ પણ આવી પહોંચ્યું છે. આજે બેન્ડે સાંજના ૪ વાગ્યાના સુમારે વંદેમાતરમ્, અબ તુમ્હારે હવાલે વતન સાથિયો, તેમજ ૨.૫૦ મિનિટની વેલકમ ધૂન વગાડી સૌનુ ધ્યાન ખેંચ્યું હતું એટલું જ નહિ સૌને આનંદ વિભોર બનાવી દીધા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# સેક્ટર-૧૭ ગ્લોબલ ટ્રેડ-શૉની મુલાકાત લેતા કે. કૈલાસનાથન



ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરમાં ટાઉનહોલ નજીકના એકઝીબીશન સેન્ટર ખાતે યોજાનાર ગ્લોબલ વાયબ્રન્ટ ટ્રેડ શૉ ની તૈયારીની સમીક્ષા આજે મુખ્યમંત્રી કાર્યાલયના ઉચ્ચ સનદી અધિકારી કે. કૈલાસનાથને મુલાકાત લઈને કરી હતી. ૪૦ મિનિટથી પણ વધુ સમય રોકાયેલા કૈલાસનાથને વિવિધ થીમ પેવેલીયનની મુલાકાત લીધી હતી તેમજ ચાલી રહેલી તૈયારીઓની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.

આ પ્રસંગે રાજ્ય સરકારના પ્રવાસન સચિવ એસ.જે. હૈદરે ટ્રેડ શૉ માં કરાયેલી વ્યવસ્થા સહિતની બાબતો તેમજ ટ્રેડ શૉ ના પેવેલીયનો અંગેની વિસ્તૃત વિગતો રજુ કરી હતી.

૧ લાખ ૫૦ હજાર ચો.મી. વિસ્તારમાં ૧૪ જેટલા વિવિધ ડોમમાં યોજાનાર આ વૈશ્વીક પ્રદર્શનમાં વિદેશની ૨૦૦ જેટલી કંપનીઓ દ્વારા તેમના ઉત્પાદન રજુ કરવામાં આવનાર છે.

● અનુસંધાન પાન-૭ પર

# એસ ટી ડેપોના ગેટ નં-૨ પાસે પોલીસ ચોકી માટે જગ્યા અપાશે

**સ્થાનિક પોલીસ અધિકારી દ્વારા જગ્યાનુ નિરિક્ષણ કરાયુ : ટુંકમાં જ પોલીસ ચોકી શરૂ થઇ જશે**

ગાંધીનગર તા ૬

શહેરના એસ ટી ડેપોમાં આખરે પોલીસ ચોકી શરૂ કરવા માટે જગ્યાની પસંદગી કરી દેવામાં આવી છે. એસ ટી તંત્ર દ્વારા ટોકન ભાડે જિલ્લા પોલીસને જગ્યાની ફાળવણી કરાશે. ડેપોના ગેટનં -૨ પાસે પોલીસ ચોકી કાર્યરત કરાશે. આ મામલે સ્થાનિક પોલીસ અધિકારી દ્વારા જગ્યાનુ નિરિક્ષણ પણ કરી દેવાયુ છે. જયારે ટુંકમાં જ ડેપોમાં પોલીસ પહેરો જોવા મળશે.

નગરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોમાં પોલીસ પહેરાના અભાવ વચ્ચે સલામતી વ્યવસ્થા રામ ભરોસે હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. ડેપો સંકુલમાં બિન્દસ્ત બનતા ગઠીયાઓના લીધે તસ્કીર વૃતિ પણ વધી છે. વારંવાર મુસાફરો પીક પોકેટીંગનો ભોગ બનતા હોવાની ઘટના પ્રકાશમાં આવે છે. ત્યારે એસ ટી ડેપો સંકુલમાં છેલ્લા એક દાયકાથી પોલીસ ચોકી શરૂ કરવા માટે માંગ ઉઠવા પામી છે. પરંતુ પ્રબળ માંગના અંતે પણ અત્યારસુધી ડેપોમાં પોલીસ ચોકી શરૂ કરવામાં આવી ન હતી. આ મામલે એસ ટી નિગમે આમ મુસાફરોની સલામતીને ધ્યાને લઈ ડેપોમાં પોલીસ ચોકી શરૂ કરવા માટે જગ્યાનુ નિરિક્ષણ કરી પોલીસ ચોકી શરૂ કરવા માટે હકારાત્મક વલણ અપનાવ્યુ હતુ. જેના અંતે હવે ડેપોમાં પોલીસ ચોકી માટે જગ્યા નિયત કરી દેવાઈ છે. ડેપોના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર ડેપોના ગેટ નં-૨ પાસે પોલીસ ચોકી માટે જગ્યા ફાળવવામાં આવશે.

જયારે પોલીસને ટોકન ભાડા પેટે જગ્યા આપવામાં આવશે. સ્થાનિક પોલીસ અધિકારી દ્વારા જગ્યાનુ નિરિક્ષણ પણ કરી દેવાયુ છે. જયારે ટુંકમાં જ પોલીસ પહેરો લાગી જાય તે દિશામાં ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. ડેપોમાં મુસાફરો અવારનવાર પીક પોકેટીંગ સહીત તસ્કરી વૃતિનો ભોગ બનતા હોવાનુ પ્રકાશમાં આવે છે. જયારે સલામત સવારીમાં પણ મુસાફરોને ધ્યાને લઈ કેમેરા લગાવાનો નિર્ણય લેવાયો છે.

# શહેરમાં વાદળછાયું વાતાવરણ

**શહેરમાં ઠંડીનો ફરી ચમકારો : સવારમાં ધુમ્મસની સ્થિતિ**



ગાંધીનગર, તા.૬

ગાંધીનગર સહિત રાજ્યભરમાં હવામાનમાં એકાએક પલ્ટો આવ્યો છે. આજે સવારે ધુમ્મસની સ્થિતિ પણ જોવા મળી હતી. આ ઉપરાંત વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. જેના પરિણામ સ્વરૂપે ઠંડીનો ચમકારો લોકોએ અનુભવ્યો હતો. બદલાયેલા હવામાનની સ્થિતિમાં અમદાવાદ શહેરમાં લઘુત્તમ તાપમાન ગુરૂવારના દિવસે ૧૨.૨ ડિગ્રીની સરખામણીમાં શુક્રવારે ૧૩.૪ ડિગ્રી નોંધાયું હતું. બીજી બાજુ ગાંધીનગરમાં આજે પારો ૧૧.૫ ડિગ્રી રહ્યો હતો જે ગઈકાલની સરખામણીમાં વધારે છે. અલબત્ત તાપમાનમાં આંશિક રીતે વધારો થયો છે પરંતુ ઠંડીનો અનુભવ લોકોએ કર્યો હતો. સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ તીવ્ર ઠંડીનો અનુભવ લોકોએ કર્યો હતો. નલિયામાં આજે તાપમાનમાં વધારો નોંધાયો હતો અને પારો વધીને ૧૫.૫ ડિગ્રી થયો હતો. આગામી દિવસોમાં પણ આવી જ સ્થિતિ રહે તેવી શક્યતા દેખાઈ રહી છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN ™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com